PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૯/કવા–૦૪/૧૭–૧૮/ 394813 તા. 11-05-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હરસુખભાઈ આર.કાછડીયા,
પુનમ ડમ્પર સામે,
વાવડી
ગોંડલ રોડ – રાજકોટ
મો: ૮૧૨૮૫ ૦૦૫૭૬

**વિષય :–નડતરરૂપ ગડરપોલ ખસેડવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૯/કવા–૦૪/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, એચ.ટી.–૩ પેટા વિભાગીય કચેરી, રાજકોટ**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

scan

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૯/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૨–૦૫–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હરસુખભાઈ આર.કાછડીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : એચ.ટી.–૩ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એસ.જી.સોજીત્રા (નાયબ ઈજનેર (ટેક) શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : નડતરરૂપ ગડરપોલ ખસેડવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, ઉપરોકત જગ્યાએ – તેઓને ગડરપોલ નડતો હોય – તેઓએ એચ.ટી.–૦૩ પેટા વિભાગીય કચેરી મા તા.૨૨–૧૧–૧૭ ના અરજી આપેલ હતી. ત્યારબાદ, તા.૨૨–૧૧–૧૭ ના રોજ તેઓને ભાવપત્રક અપાયેલ હતુ. જે ભાવપત્રક ની રકમ તેઓએ તા.૨૬–૧૨–૧૭ ના રોજ ભરપાઈ કરેલ હતી. આમ, એચ.ટી.–૦૩ પેટા વિભાગીય કચેરી મા સંતોષકારક કામગીરી થયેલ ન હોવાના કારણોસર – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, એચ.ટી.–૩ પેટા વિભાગીય કચેરી, રાજકોટ દ્વારા – જરૂરી સર્વે કરી – અરજદાર ને નિયત ભાવપત્રક તા.૨૨–૧૨–૧૭ ના રોજ રૂ.૧૨,૦૭૨/– નુ અપાયેલ – જે અરજદાર દ્વારા તા.૨૬–૧૨–૧૭ ના રોજ ભરપાઈ થતા – પીજીવીસીએલ કક્ષાએથી જરૂરી વીજપોલ શીફટીંગ કરવાની કામગીરી તા.૦૩–૦૪–૧૮ ના રોજ પૂર્ણ કરેલ હોય – જે અરજદાર ને સંતોષકારક જણાતા – અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૦૭–૦૪–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ કક્ષાએથી જરૂરી વીજપોલ શીફટીંગ કરવાની કામગીરી તા.૦૩–૦૪–૧૮ ના રોજ પૂર્ણ કરેલ હોય – પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે – અરજદાર દ્વારા તા.૦૭–૦૪–૧૮ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, સદર કેઈસ મા ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ નથી – જેથી અરજદાર ની અરજી દફતરે કરવી – તેમ નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ના તા.૦૭–૦૪–૧૮ ના લેખીત સંમતીપત્ર હેઠળ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ હોય – જેથી અરજદાર ની અરજી અત્રેના ફોરમ કક્ષાએથી દફતરે કરવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**